	જનસંપર્ક અધીકારી દ્વારા પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર (P.R.O.) ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩ કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦	

તા.૦૫/૦૩/૨૦૨૨ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- **સમાચાર યાદી નં.૪૨૪/૨૦૨૨**

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૪/૦૩/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧							
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત							
અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૯	૦	૧૨૯	૪૦૩	૦	૪૦૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૪૦૭૪	૦	૮૪૦૭૪	૮૫૦૪૪	૦	૮૫૦૪૪
કુલ		૧૦૦૬૮૨	૦	૧૦૦૬૮૨	૧૦૯૫૮૧	૦	૧૦૯૫૮૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૦	૪,૨૨,૧૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૭	૬૭,૦૦૦/-

થેલેસેમિયાગ્રસ્ત બાળકો માટે રાખેલ રકતદાન શીબીરની વિગત

દાણીલીમડા પોલીસ સ્ટેશનઃ

આજરોજ તા.૦૫/૦૩/૨૦૨૨ ના બપોર કલાક ૧૪/૦૦ થી ૨૦/૦૦ વાગ્યા સુધી અત્રેના દાણીલીમડા પો.સ્ટે. ખાતે કેન્સરગ્રસ્ત તેમજ થેલેસેમિયાગ્રસ્ત બાળકો માટે “Indian Red cross society” નાઓની અમદાવાદ શાખાના સૌજન્યથી "બ્લડ ડોનેટ કેમ્પ" નું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સ્થાનિક પોલીસ સ્ટાફના માણસો, શાંતિ સમિતિના સભ્યો તેમજ સ્થાનિક આગેવાનો, સામાજિક સેવકો દ્વારા રક્તદાન કરવામાં આવેલ છે.

ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશનઃ

આજરોજ તા.૦૫/૦૩/૨૦૨૨ ના સવારે કલાક ૦૮/૦૦ થી ૧૪/૦૦ વાગ્યા સુધી અત્રેના ગુજરાત યુનિવર્સિટી પો.સ્ટે. ખાતે કેન્સરગ્રસ્ત તેમજ થેલેસેમિયાગ્રસ્ત બાળકો માટે ઇંડિયન રેડ ક્રોસ સોસાયટી નાઓની અમદાવાદ શાખા ના સૌજન્યથી "બ્લડ ડોનેશન કેમ્પ" નું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સ્થાનિક પોલીસ સ્ટાફના માણસો, શાંતિ સમિતિના સભ્યો તેમજ સ્થાનિક આગેવાનો, સામાજિક સેવકો, યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દ્વારા રક્તદાન કરવામાં આવેલ. જેમાં કુલ ૪૫૧ યુનિટ રક્તદાન થયેલ.

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૨૫/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૧૬૪ લીટર દેશી દારૂ, ૦૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૦૨ મોટર સાયકલ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૬,૭૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૨૬/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૪૨૭/૨૦૨૨**

શાહપુરઃ મોહમદયાસીન મોહમદહુસેન કુરેશી (ઉ.વ.૫૪)(રહે.આર.બી.હાઉસ, ગનહાઉસની સામે, ખાનપુર, શાહપુર) એ તા.૦૪/૦૩/૨૦૨૨ ના રોજ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૧૦/૨૦૨૧ બપોરના ૩/૦૦ થી ૪/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન શાહપુર, મિરઝાપુર, મદારીના તવાની સામે આવેલ મોહમદયાસીન ની "આર.કે.ટ્રાવેલ્સ" નામની દુકાને મોબાઈલ નંબર ૮૪૩૩૭૫૩૮૪૫ અને ૯૯૮૭૫૭૦૭૭૫ ના ધારકોએ મોહમદયાસીન પાસેથી દિલ્હી ની એર ટીકીટ બુક કરવાના બહાને રૂપિયા ૧૦,૦૦૦/- તેમજ દિલ્હી ખાતેની હોટેલમાંથી ચેક આઉટ કરવાના પૈસા પોતાની પાસે નહી હોવાનુ કહી તેમજ "તમામ રૂપિયા આંગડીયા પેઢી મારફતે મોકલાવી ચુકવી આપશે" તેમ કહી વિશ્વાસમાં લઇ મોહમદયાસીનના મોબાઇલ ફોન ઉપર ક્યુ.આર. કોડ મોકલી કુલ રૂપિયા ૪૫,૦૦૦/- મેળવી લઇ, આંગડીયા પેઢી મારફતે કોઇ રૂપિયા નહી ચુકવી કુલ રૂપિયા ૫૫,૦૦૦/- ઓનલાઇન ટ્રાન્સફર કરાવી લઇ, મોહમદયાસીન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી.આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એચ.વાળા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.